# નવલકથા 'ચિહ્ન'ની નારી સંવેદના

લાલસિંગ ચંદનસિંગ રાજપુત
પીએચ.ડી. રિસર્ચ સ્કોલર
મુખ્ય શિક્ષક, પસવાદળ પ્રાથમિક શાળા
તા-વડગામ, જી-બનાસકાંઠા

## ૧. પ્રસ્તાવના

નવલકથા 'ચિહ્ન'ની નારી સંવેદના વિષય પરના મારા સંશોધન કાર્યમાં મારી સાહિત્યપ્રીતી રહેલી છે. કલાઓમાં શ્રેષ્ઠ સાહિત્ય, સાહિત્યમાં શ્રેષ્ઠ ગદ્ય, ગદ્યમાં શ્રેષ્ઠ નવલકથા અને નવલકથામાં શ્રેષ્ઠ નારીની છબી હોય છે. નારી જીવનનું સંગીત છે. તિતિક્ષા, ત્યાગ અને સમર્પણની મૂર્તિ એવી નારી નવલકથાઓમાં પ્રત્યક્ષ, પરોક્ષ કે કાલ્પનિક પાત્ર રૂપે ઉપસતી જ હોય છે. તે કેવા પ્રકારની પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે. આ મારા માટે સમસંવેદન છે. સાહિત્ય જીવાતા જીવનનું પ્રતિબિંબ છે. એટલે ઘર કે ઘરની બહાર પુરુષ સમોવડી થવા ઈચ્છતી નારી સતત લડતી રહે છે. નવલકથામાં નારીની છબી કઈ રીતે અને કેવી ઉપસે છે તેનો અભ્યાસ કરવાની અંગત ઈચ્છા મને આ સંશોધનકાર્ય થકી દોરી ગઈ છે.

'મનુસ્મૃતિ'માં જોવા મળે છે તેમ સ્ત્રી અને શુદ્રને એક જ સ્થાને મુકવામાં આવ્યા છે. મદ્યકાલીન યુગમાં નારીની સ્થિતિ વધુ કથળી હતી. જેમ કે, દીકરીને દૂધ પીતી કરવાનો, વિધવા વિવાહ પ્રતિબંધ, સ્ત્રી-ભ્રૂણ હત્યા, સતી પ્રથા, જૌહરપ્રથા, દેવદાસી, બહુપત્નીત્વપ્રથા, ઘૂંઘટ પ્રથા, બાળલગ્ન, દહેજપ્રથા વગેરે કુરિવાજો ફાલ્યા-ફૂલયા હતા.

## ૨. ભૂમિકા

નારીવાદી વિવેચનાનો મૂળભૂત વિચાર પુરુષ પ્રધાન સમાજ છે. પુરુષકેન્દ્રી અને ધાર્મિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક તેમજ કળાત્મક ક્ષેત્રોમાં સ્ત્રીને ગૌણ ગણવામાં આવે છે.

બાઇબલ અને ગ્રીક ફિલસૂફીથી માંડી આજ સુધીની વિચારણામાં સ્ત્રીનો નિર્દેશ પુરુષની નકારાત્મક આવૃત્તિ તરીકે થયો છે. નારી સર્જન ક્ષેત્રે અગાઉનું સાહિત્ય સ્ત્રી પ્રત્યે થયેલા ભેદભાવપૂર્ણ વર્તાવનું આલેખન હતું. જેમાં રૂઢિગત માન્યતાઓ, અંધશ્રધ્ધા, ધર્મજગત, સમર્પણ અને બરબાદ થવા સુધીની ત્યાગવૃતિ જ હતી.

પશ્ચિમમાં જાગેલા નારીવાદી આંદોલનની અસર પૂર્વમાં મોડે મોડે અને ધીમે પગલે આવી. ગૂંગળાયેલી અને ધૂંધવાયેલી નારીએ પોતાનો અવાજ બળાપારૂપે બહાર કાઢ્યો. તે મોઢેથી અને કલમથી બોલતી થઈ. પુરુષ સમોવડી થવાના લાચાર ઉપાયો ન કરતાં તે પોતાના પગ પર મજબૂત મનોબળથી અંધારા ઓરડામાંથી જાહેર રસ્તા પર અને કાર્યક્રમોમાં પહોંચતી થઈ. આજે નારી સભાને ગજવી શકે છે. તેને પૂછાતા સવાલોના સ્પષ્ટ જવાબો આપી શકે છે.

નારીવાદી આંદોલન, નારીવાદી વિવેચના, નારીવાદી સંગઠન વગેરે માટે થયેલા પ્રયાસો, તેના પરિણામો અને આ બધા આભ્યાસોમાંથી નારી લેખનનો ઉદભવ થયો. જેનો અનુબંધ ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ ઈલા આરબ મહેતાની' બત્રીસ પૂતળીની વેદના' અને કુંદનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં'માં પ્રગટ થયો છે. 'સરસ્વતીચંદ્ર'ની કુમુદ નવી નારીઓની પહેલી અહાલેક છે. જ્યારે નારીના વ્યક્તિત્વને ગૌરવ અર્પતા પાત્રમાં મુનશીની મંજરી કે મૃણાલ, દર્શકની રોહિણી, દ્વિરેફની ખેમી, પન્નાલાલની જીવી વગેરેનો સમાવેશ થાય છે.

નારી લેખનની પરંપરાઓમાં લીલાવતી મુનશી, વિનોદીની નીલકંઠ, કુંદનિકા કાપડિયા, ધીરૂબહેન પટેલથી માંડી લાભુબહેન મહેતા અને હિમાંશી શેલત આદિમાં નારીની વેદનાની વાસ્તવિક અભિવ્યક્તિ જોવા મળે છે. મહાભારતની દ્રોપદી કે રામાયણની સીતા હવે મુનશીની મૃણાલ બનીને માત્ર પતિને જ નહીં સમાજને પણ બરાબર ખખડાવી શકે છે. જેમાં નારીની છાપ મૌનથી મુખર અને વેદનાથી વિદ્રોહ સુધી પરિવર્તન  પામી છે.

કચ્છ પ્રદેશના ગુજરાતી સાહિત્યની વાત અનોખી અને મહત્વની છે. કેમ કે આ પ્રદેશની પોતાની ભાષા, ભૂગોળ, પર્યાવરણ અને સંસ્કૃતિ છે. મરુ, મેરુ અને મહેરામણ વચ્ચે ઉછરેલા લેખક શ્રી ધીરેન્દ્ર મહેતાની " ચિહ્ન' નવલકથાની વચ્ચેથી પસાર થવાનું થયું. આ નવલકથામાં નારીની વિવિધ છબી ઉપસે છે. તેનો અભ્યાસ મેં કર્યો છે. કચ્છની લોકજાતિઓની નારીઓ અહીં વારંવાર પડતાં દુષ્કાળને કારણે ખડતલ અને મહેનતકશ રહી છે. કળા કસબની દૃષ્ટિએ પણ તેઓ ઘણી આગળ છે. આજે દુર્લભ બનેલા બેસવા માટેના 'ચાકળા' અને શેતરંજી તેઓ બનાવતી. હાથે ભરાતા ખાટલાની ભરતકલા આજે પણ અજોડ છે. બન્ની વિસ્તારના ભૂંગા પણ આ જ સ્ત્રીઓ બનાવે છે.

કચ્છના તળપદા લોકજીવનમાં પાણિયારો ( ઘરમાં પાણી મૂકવાની જગ્યા) નું અદકેરું મહત્વ છે. આ લોકનારીઓ આજે પણ સવારે નાહી-ધોઈને પાણિયારે અબોટ કરે છે. હવે  આપણે ધીરેન્દ્ર મહેતા અને તેમની નવલકથા 'ચિહ્ન' વિષે જોઈશું.

**૩. પરિચય**

આઠમા દાયકાના ગુજરાતી સાહિત્યના જે સત્વશીલ સર્જકો છે તેમાં નવલકથાકાર, વાર્તાકાર, કવિ, વિવેચક અને સંપાદક એમ સચરાચર શબ્દ આરાધક ડો. ધીરેન્દ્ર પ્રીતમલાલ મહેતા ગુજરાતી સાહિત્યનુ માનાર્હ નામ જ નહીં, પરંતુ સત્વ અને તત્વ ઉભયપક્ષે રહેલું એક નામ પણ છે. આ મહાસર્જકના નામે ૧૨ નવલકથાઓ, ૪ વાર્તાસંગ્રહો, ૯ વિવેચન પુસ્તકો, ૬ સંપાદનો અને ૩ કાવ્યસંગ્રહોમાં સંવેદન મહેતા સાહેબે આપ્યું છે.

તેમનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૯૪૪ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. તેમનું વતન કચ્છ છે. એમના પિતાજી થિએટરના માલિક હતા. માત્ર ચાર વર્ષની ઉંમરે તેમને પોલિયો થયો હતો. પોલિયોની બીમારીના કારણે તેમનું હાલવુ-ચાલવું અશક્ય થઈ ગયું. પોલિયોની લાંબી સારવાર બાદ એમના પગમાં બે કેલિપર્સ આવ્યાં. માતપિતાના પ્રગાઢ સ્નેહ વચ્ચે પોલિયોને કારણે આવેલી અંગક્ષતિ લગીર માથું ન ઊંચકે એવી સ્નેહધારા અને કાળજી માતા-પિતાએ સતત રાખી. વ્યવસાયનો આરંભ આકાશવાણી ભૂજથી કર્યો. રિસર્ચ ફેલોશીપ સાથે અમદાવાદની એચ.કે આટર્સ કોલેજમાં આરંભ કર્યો.

બાળપણથી જ તેમને સાહિત્યમાં ઊંડો રસ, શાળાકીય અભ્યાસ દરમિયાનના શિક્ષાથી પ્રેરાઈને નિતાંત કાવ્ય લેખન કરતાં. શિક્ષણની જેમ તેમનાં સાહિત્ય ઘડતરમાં માતાનો સિંહફાળો રહ્યો છે.

ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાતી સાહિત્ય અકાદમીએ મહેતા સાહેબની સાહિત્યિક પ્રતિભાનો સ્વીકાર કરીને એમની પાસે સાહિત્ય પરિષદના મુંબઈ-વડોદરા અધિવેશનોનાં સર્જન વિભાગની બેઠકોમાં નવલકથાકાર તરીકે કેફિયત રજૂ કરાવી અને માંડવી-કચ્છ મુકામે ૨૦૦૬માં યોજાયેલા જ્ઞાનસત્રમાં દર્શકની પુન: મૂલ્યાંકન બેઠકનું અધ્યક્ષપદ સોંપ્યું હતું.

## ૪. નારી સંવેદના

ડૉ. ધીરેન્દ્ર મહેતાની બીજી નવલકથા ચિહ્નનું પહેલી આવૃત્તિનું પ્રકાશન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ દ્વારા ૧૯૭૮માં, ત્યારબાદ પુન:મુદ્રણ ૧૯૯૨માં અને સંમાર્જિત આવૃત્તિ જૂન ૨૦૧૨માં તૈયાર થઈ હતી.

આ નવલકથામાં ઉદય, ઋતુ, અમલા, યામિનીબહેમ, ભાઈસાહેબ, તારાબહેન વગેરે જેવા મુખ્ય પાત્રો ઉપરાંત ચિરાગ, રમુકાકા, ભુવા, જસુમારાજ, રાજૂ, ફાતિમાબાઈ, પીરોજા આંટી, ટાંગાવાળો, અબ્દુલ, હાલીમાબાઈ, મમુ ગોવાળ વગેરે જેવા ગૌણ પાત્રોની સૃષ્ટિ વચ્ચે ઘટનાચિત્રો આબેહૂબ આલેખાયાં છે.

ઉદયની અપંગ અવસ્થા, તેનો ઈલાજ અને તેનું પ્રણયવિશ્વ – આ ત્રણેય ઘટનાઓમાં તેની મા અને યામિનીબહેન ઉપરાંત ઋતુ, અમલા, તારાબહેન વગેરે છે. એક ડોક્ટર તરીકે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે માતા કે બહેનની ભૂમિકામાં યામિની આન્ટી એક જાજરમાન નારી છે. જેઓ ઉદય સાથે દર્દીનો સંબંધ ન રાખતાં પુત્ર જેવો સંબંધ ધરાવે છે. સાથે સાથે ઉદય પ્રત્યેની એમની સ્નેહાળ ભૂમિકા એક મમતામયી નારીની આભા ઊભી કરે છે. હોસ્પીટલમાં બિછાને પણ વાંચન કરતા ઉદયને પીરોજા આન્ટી ચોપડીઓ લાવી આપે છે. અહીં વધુ એક નારીનું પ્રેમાળ રૂપ ઝબકારો કરી જાય છે. ઋતુ ઉદયની મા ઓતપ્રોત બનીને પ્રેરક, પોષક, પ્રોત્સાહક અને પ્રેમાળ વાતાવરણનું નિર્માણ કરે છે. જે ઉદયની પ્રિયતમા સમાન છે. એવી જ બીજી વ્યક્તિ અમલા છે જે ઉદયના જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે. ઋતુ પ્રેમાળ છે. વ્યવહાર ચતુર છે. ઉદય તેને ચાહે છે. ઋતુની મા માત્ર લગ્ન કરાવવા માટે દીકરીને ભણાવે છે. ત્યારે ઋતુ કાઇ બોલતી નથી. ઋતુને ઉદય પ્રત્યે અત્યંત અનુકંપા છે. માટે વાડીમાં ફરવા જાય છે ત્યારે ઋતુને ઉદયની ઘોડી પકડવી ગમે છે. એ જ ઋતુ હોસ્પિટલમાં ઓપરેશન જોઈને સ્વસ્થ રહી શકી. જે તેના ભવિષ્યમાં ડોક્ટર બનવાની શકયતા દર્શાવે છે. ઋતુમાં હિમ્મત નથી કે તે તેની મા સામે ઉદય સાથે જઈને પ્રેમનો એકરાર કરી શકે. ઉદય સાથે દરેક ફોટામાં પાછળ રહેતી ઋતુ ઉદયને સતત આગળ વધારવાની તક ઝડપી લેવા માંગે છે. કૃતક અપેક્ષા રાખતી નથી તે તેનો ગુણ છે. ઋતુએ ઉદયને અનેક પત્રો લખેલા છે. ઋતુના લગ્ન બીજે થવાનાં હોઇ પોતાના બધા જ પત્રો તે પાછા લેવા આવે છે. ત્યારે ઉદત તેના લગ્ન પ્રસંગે પત્રો ભેટ આપશે એમ જણાવે છે. ઋતુ અહીં સ્વાર્થ વૃતિ દાખવે છે. જ્યારે ઉદય પોતાના સાથે થયેલી બેવફાઇ ઋતુના પતિ સાથે ન થાય તે માટે આ સંબંધ તેની સામે પ્રદર્શિત કરવા ઈચ્છે છે. ઋતુ મા પાસે હારી જતાં પોતાના પહેલા પ્રેમથી વંચિત રહેવા પામે છે, તેનાં લગ્ન બીજે થાય છે.

આ નવલકથાની સહનાયિકા અમલા ઉદયની સહાધ્યાયી છે. રસરુચિ અને પ્રકૃતિએ સામ્ય હોવાથી ઉદય તેના પ્રત્યે આકર્ષાય છે. અહીં એકપક્ષી પ્રેમ જોવા મળે છે. અમલા પોતાની મસ્તીમાં છે. અમલા મૈત્રીભાવ દાખવે છે. અમલા ત્યાગથી ભરપૂર નારી છે.

ઘરનું અભિન્ન અંગ ગણાતી કામવાળી રાજુ પણ એક મહત્વનુ નારી પાત્ર છે. ઉદયના ઘરની સુખદ અને દુ:ખદ પરિસ્થિતિઓની તે સાથી અને સાક્ષી છે. પેટિયું રળવા આવેલી રાજુ ઉદયને જોઈ દુ:ખી થાય છે. તે સંવેદનશીલ નારી છે. ઉદયને સતત પોતાના ખોળામાં બેસાડીને રમાડે છે. તેની સહેલીઓ તેની મશ્કરી પણ કરે છે. પોતે હજી રમવા જેવડી છે તો પણ રમવા જતી નથી. જે તેનું અલગ વ્યક્તિત્વ ઉપસાવે છે.

અહીં વેદના અને સંવેદનાનો સંગમ રચાયો છે. દવાખાનાની દુનિયા પણ આબેહૂબ આલેખાઈ છે. સિસ્ટર્સ, ડોક્ટર્સ અલપઝલપ આવે છે. પણ પીડા લઈને સુખ મૂકી જાય છે. એક સ્મરણનું ચિહ્ન મૂકી જાય છે. અહીં સેવાભાવી નારીઓ આલેખાઈ છે.

આ નવલકથાનો ઉદ્દેશ આ રીતે છે. કુદરત સર્જિત તકલીફ સામે હિમ્મત ન હારનારો ઉદય તેમાંથી રસ્તો કાઢે છે. કોઈપણ માણસને હારીને બેસી ન રહેતા ઉદયની જેમ અડગ રહેવું જોઈએ. પ્રેમના ત્યાગની ક્ષણો પણ મૂલ્યવાન હોય છે. ઋતુ અને અમલા બંને ઉદયનો ત્યાગ કરે છે. તોપણ તે ભાંગી પડતો નથી.

નારીના છબીના સંદર્ભમાં જોઈએ તો ઉદયની મા મમતામયી માતા છે. જે પત્નીરૂપે પણ ઉપસે છે. અપંગ દીકરા માટે સતત ચિંતિત અને દુ:ખી છે. તો કામવાળી રાજુનું પાત્ર સંવેદનશીલતા પ્રગટ કરે છે. ડોક્ટરના રૂપમાં યામિનીબહેન પ્રેમાળ, લાગણીશીલ, મમતામય,સેવાભાવી વૃત્તિવાળાં છે. ઋતુનું પાત્ર પુત્રિ, મિત્ર, પત્ની, પ્રેમિકા અને ડોક્ટરના રૂપમાં છે. જે પ્રેમાળ, વ્યવહારચતુર, સંતોષી નારી છે. પરંતુ પ્રેમમાં પીછેહઠ કરી સ્વાર્થવૃત્તિ પ્રગટાવે છે. તો અમલા મિત્ર અને સહાધ્યાયી તેમજ પત્ની રૂપે છે. જે પ્રેયસી પણ છે. ખૂબ સમજદાર છે. તારાબહેન મા રૂપે આવે છે. જે રૂઢિચુસ્ત માનસ ધરાવતી એક સવારથી નારીની છબી ઉપસાવે છે.

**સંદર્ભ સૂચિ**

૧. ભટ્ટ, લે. સનત 'ગુજરાતી કથાવિશ્વ' લઘુનવલ, પૃ.૧૯૪
૨. દોશી, યશવંત(૧૯૮૧૦. સંપા. 'ગ્રંથ'-૧૮ જુલાઈ-૧૯૮૧
૩. ટોપીવાળા, ચંદ્રકાંત (૧૯૯૩). સંપાદક 'પરબ'ઓક્ટોબર ૧૯૯૩